# Dr. Babasaheb Ambedkar Open University

"Jyotirmay" Parisar, Dr. Babasaheb Ambedkar Open University Marg,
Sarkhej Gandhinagar Highway, Chharodi Ahmedabad - 382481
Email: exam@baou.edu.in | Website: www.baou.edu.in


જા.નં.બાઆંઓયુ/પરીક્ષા/ 7587 / ૨૦૨૦ તા.૨૬/૦૮/૨૦૨૦

પ્રતિ
યુનિવર્સિટી સંલગ્ન તમામ અભ્યાસકેન્દ્રો પર
પ્રવેશ મેળવેલ વિદ્યાર્થીઓ,

વિષય: ઓગસ્ટ-૨૦૨૦ સત્રાંત પરીક્ષાઓનાં આયોજન બાબત (સુધારો)

વિદ્યાર્થી મિત્રો,

યુનિવર્સિટીની ઓગસ્ટ-૨૦૨૦ સત્રાંત પરીક્ષાઓનું આયોજન સપ્ટેમ્બરનાં બીજા સપ્તાહથી શરુ થનાર છે. ઉપરોક્ત પરીક્ષા ગુજરાત સરકારનાં COVID-19 અંગેની માર્ગદર્શિકાઓનું પાલન થાય તે રીતે આયોજન કરવામાં આવશે.

નીચે મુજબનાં વિદ્યાર્થીઓ માટે પરીક્ષાઓનું આયોજન કરવામાં આવનાર છે.

૧. સર્ટીફીકેટ અભ્યાસક્રમનાં તમામ વિદ્યાર્થીઓ (પરીક્ષાઓ ઓનલાઈન લેવામાં આવશે)
૨. ડીપ્લોમાં અભ્યાસક્રમનાં તમામ વિદ્યાર્થીઓ (પરીક્ષાઓ ઓનલાઈન લેવામાં આવશે)
૩. સ્નાતક અભ્યાસક્રમનાં તૃતીય-વર્ષનાં વિદ્યાર્થીઓ (ઓગસ્ટ-૨૦૧૭ સત્રમાં પ્રથમ વર્ષમાં અને ઓગસ્ટ-૨૦૧૯ માં તૃતીય વર્ષમાં પ્રવેશ મેળવેલ હોય તેવા જ વિદ્યાર્થીઓ )
૪. અનુ-સ્નાતક અભ્યાસક્રમનાં તમામ વિદ્યાર્થીઓ
૫. પોસ્ટ ગ્રેજુએટ ડીપ્લોમાં અભ્યાસક્રમનાં તમામ વિદ્યાર્થીઓ

Merit Based Progression:

સ્નાતક અભ્યાસક્રમનાં પ્રથમ-વર્ષ અને દ્વિતીય-વર્ષનાં વિદ્યાર્થીઓ (ઓગસ્ટ-૨૦૧૯ સત્રમાં પ્રથમ-વર્ષમાં અને ઓગસ્ટ-૨૦૧૯ સત્રમાં દ્વિતીય-વર્ષમાં પ્રવેશ મેળવેલ હોય અને નિયત સમય મર્યાદામાં સ્વાધ્યાય કાર્ય જમા કરાવેલ હોય તેવા જ વિદ્યાર્થીઓ) ને Merit Based Progression લાગુ પાડવામાં આવશે,

ઉપરોક્ત પરીક્ષા વિદ્યાર્થીઓ ઓનલાઈન માધ્યમ (Laptop/Computer/Smart Phone) દ્વારા પોતાનાં ઘરેથી **અથવા** ઓફ્લાઈન - નજીકનાં પરીક્ષા કેન્દ્ર પર રૂબરૂ જઈ આપી શકે તે હેતુથી ઉપરોક્ત મુદ્દા નં. ૩, ૪ અને ૫ મુજબનાં વિદ્યાર્થીઓનો અભિપ્રાય જાણવા યુનિવર્સિટીની વેબસાઈટ પર Students' Opinion for Mode of Exam - Aug-2020-TEE અનુસંધાને એક સર્વે-લીંક મુકવામાં આવેલ છે.

http://online.baou.edu.in/Exam/exam-survey.aspx

ઉપરોક્ત લીંક પર વિદ્યાર્થીઓને તા.૨૯/૦૮/૨૦૨૦ સાંજે ૦૬:૦૦ વાગ્યા સુધીમાં પોતાનો અભિપ્રાય આપવા જણાવવામાં આવે છે.

Sd/-
પ્રો. ડૉ. નિલેશ કે. મોદી
કા.પરીક્ષા નિયામક

નોંધ: ઉપરોક્ત પરીક્ષા માટે વિદ્યાર્થીઓએ પરીક્ષા ફોર્મ ભરેલ હોવું જરૂરી છે.